સુવિચાર : અમૂલ્ય જીવન બક્ષનાર મા-બાપ એ જ કળીયુગના ઈશ્વર અને તેની કૃપા એ જ શ્રેષ્ઠ આશીર્વાદ - મોરારિ બાપુ

તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૧ ટકા
વરસાદ : ૪૨ મિમિ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૦ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૫, રવિવાર ; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- બિહાર : એનડીએ સપાટો બોલાવે તેવો દાવો
- મોદી આજે મન કી બાત કાર્યક્રમ રજૂ કરશે
- મોદીના શાસનમાં અમેરિકી રોકાણમાં વધારો નોંધાયો છે
- કેન્સરની ઘણી દવાની કિમતમાં ઘટાડો કરવાની કેન્દ્રની તૈયારી
- ઓટો ડ્રાઇવર માટે મરાઠી ફરજિયાતનો બચાવ
- ટિકિટ ન મળે તો આત્મહત્યા કરવા આરજેડીના ધારાસભ્યની ચેતવણી
- આંતરરાષ્ટ્રીય સરહદ પરથી હેરોઇનનો જંગી જથ્થો જપ્ત
- પાકિસ્તાન ચીન પાસેથી સ્ટીલ્થ વિમાનો ખરીદશે

મકાન ભાડે આપવાનું છે
સંપૂર્ણ હવા-ઉજાસવાળું, બે રૂમ, રસોડું, વિશાળ બાલ્કની સાથે
ઘ-૧॥ બસ સ્ટોપ પાસે, સેક્ટર-૩એ, ગાંધીનગર
મો. ૮૪૦૧૪૩૩૭૧૮

# હાર્દિકની અટકાયતના પગલે રાજ્યમાં તંગદિલી

### વરાછા વિસ્તારના માનગઢ ચોકથી અટકાયત કરી લેવાઈ : એકતા રેલી યોજવાની મંજુરી નહી અપાઈ હોવા છતાં નિયમોનો ભંગ કરીને રેલી યોજવા પ્રયાસ કરાતા અટકાયત : સમર્થકોમાં આક્રોશ

સુરત, તા. ૧૯ પાટીદાર અનામત આંદોલને આક્રમક રીતે આગળ વધારી રહેલા ૨૨ વર્ષીય હાર્દિક પટેલ અને તેમના સમર્થકોની આજે સવારે એકતા યાત્રા યોજવામાં આવે તે પહેલા જ અટકાયત કરી લેવામાં આવી હતી.પોલીસે એકતા રેલી યોજાય તે પહેલા જ હાર્દિક અને અન્યોને અટકાયતમાં લઈ લેતા તંગદીલી ફેલાઈ ગઈ હતી. હાર્દિક અને તેમના સમર્થકોમાં રોષનું મોજુ ફરી વળ્યું હતું. આ પગલાના બાદ પાટીદારોમાં પણ નારાજગી જોવા મળી હતી. ઘણી જગ્યાએ પાટીદારો મેદાનમાં ઉતરી આવ્યા હતા. જો કે પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવાના હેતુસર આ નિર્ણય કર્યો હતો. અટકાયત કરવામાં આવ્યા બાદ હાર્દિક અને તેમના તમામ ૭૮ સમર્થકોને વરાછા પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. જો કે હાર્દિકની અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ ફેલાયા બાદ કેટલાક અન્ય સમર્થકોમાં નારાજગી જોવા મળી હતી. નવજારી જિલ્લા કલેક્ટરે ગઈકાલે મોડી રાત્રે જ એકતા રેલી યોજવાને કોઈ મંજૂરી આપવાનો ઈન્કાર કરી લીધો હતો. તેમણે કહ્યુ હતુ કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો હતો. કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા પહેલાથી જ પગલા લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે

**રાત્રે ૧૦ કલાકે હાર્દિક પટેલ અને ૩૫ સાથીઓને સરકીટ હાઉસ ખાતે ન્યાયમૂર્તિ સમક્ષ રજૂ કરાયા હતા. બિનસત્તાવાર સૂત્રો મુજબ હજુ એકાદ કલાકની કાનુની કાર્યવાહી બાદ જામીન મંજુર થઈ શકે છે**



પાટીદાર લોકોને જ નહી બલ્કે તેમની વિરોધમાં રહેલા ઓબીસી લીડરોને પણ કાઉન્ટર રેલી યોજના માટેની કોઈને મંજૂરી આપવામાં આવી નથી. છેલ્લા બે સપ્તાહમાં બે વખત હાર્દિક પટેલ રેલી યોજવા માટેની વાત કરી ચુકયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં મોબાઈલ ઈન્ટરનેટ પર પ્રતિબંધ

### અચોક્કસ મુદ્દત સુધી મોબાઇલ ઇન્ટરનેટ ઉપર પ્રતિબંધ મુકી દેવાતા લાખો લોકોને મુશ્કેલીને સામનો કરવો પડી શકે : અફવાઓને રોકવાનો મુખ્ય હેતુ

હાર્દિક પટેલની અટકાયત કરી લેવામાં આવ્યા બાદ સમગ્ર ગુજરાતમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. બપોરે ૧૨ વાગ્યાથી મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. લોકો જે મોબાઈલનો વધારે ઉપયોગ કરે છે તે લોકો અટવાઈ પડ્યા હતા. સુરતમાં હાર્દિક પટેલની અટકાયત કરવામાં આવ્યા બાદ સાવચેતીના પગલા રુપે સરકાર દ્વારા તરત જ પ્રતિબંધ મુકવાનો નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

# કાયદો તોડનાર સામે કઠોર પગલા લેવાશે : આનંદીબેન

અમદાવાદ, તા.૧૯ ગુજરાતના મુખ્યમંત્રી



આનંદીબેન પટેલે આજે આક્રમક વલણ અપનાવ્યું હતું અને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાજ્યમાં કાયદો તોડનારા સામે કઠોર પગલા લેવામાં આવશે. સુરતના માંડવી નજીક એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે બનેલી ઘટનાઓ અંગે સ્પષ્ટ ઈસારો કરતા કહ્યું હતું કે, રાજયમાં કાયદો તોડનારા સામે આકરા પગલા લેવામાં આવશે અને કાયદો કાયદાનું કામ કરશે. તેમણે કહ્યું હતું કે ગુજરાતના કોઈ યુવાનને અન્યાય થયો નથી અને આજની યુવા પેઢીને વર્ગ વિગ્રહના માઠા પરિણામો વિશે કોઈ માહિતી નથી. નોંધનીય છે કે રાજયમાં શાંતિનો માહોલ બની રહે એ માટે પાટીદારોના પાટનગર એવા મહેસાણામાં આર્મી દ્વારા ફલેગ માર્ચ કરવાની શરૂઆત કરી દીધી છે. અમદાવાદમાં પણ પોલીસે પેટ્રોલિંગની શરૂઆત કરી દીધી છે. પોલીસ અને પ્રશાસન રાજયમાં

● અનુસંધાન પાન-૭ પર

ક્લાસીસ ભાડે આપવાના છે
દરેક ક્લાસમાં ૨૫-૫૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવા, 6 A.C. ક્લાસરૂમ, અધતન ફર્નિચર સાથે. ILTS / SPOKEN ENGLISH / સ્પર્ધાત્મક પરીક્ષાઓ 11th-12th / Visa Consultant / Engineering જેવી શૈક્ષણિક સંસ્થાઓ માટે સગવડદાયક
સેક્ટર-૨૧ Mo. : 99787 72043

ગણેશ ઉત્સવના મંગલમય અવસરે કરો તમારા પોતાના ઘરના શ્રી ગણેશ.
માત્ર ચાર દિવસ માટે વિશેષ 10%+5% ના વળતરનો લાભ સાથે
આ સ્પેશિયલ ઓફર માત્ર 2 BHK માટે તા. 20 સપ્ટેમ્બર સુધી જ માન્ય રહેશે.
શ્રેષ્ઠ નાણાકીય પ્લાન | શ્રેષ્ઠ વિસ્તાર | શ્રેષ્ઠ ગુણવત્તાવાળું બાંધકામ | સંપૂર્ણ પારદર્શિતા સાથે



20% તમે ચૂકવશો બુકિંગ સમયે
80% આપના માટે ચૂકવશે બેંક (પ્રોજેક્ટ ટાઇટલ - મંજુર SBI • HDFC • ICICI • PNB • Vijaya Bank • AXIS BANK)
10% આપના વતી અમો ચૂકવીશું (સર્વિસ ટેક્ષ અને સ્ટેમ્પ ડ્યુટી પઝેશન સમયે)
Luvkush 4 માં મારું પોતાનું ઘર હોવાનાં 6 કારણો
• 13 - 16% વધુ વપરાશલાયક બિલ્ટ-અપ એરિયા 68% અંદરનો બાંધકામ એરિયા - 32% બહારનો બાંધકામ એરિયા
• 100% દસ્તાવેજ અને લોન પેપર્સ
• તમારા રોકાણનું મહત્તમ વળતર
• ગ્રીન બિલ્ડીંગ સર્ટીફીકેશન - ઈકો ફ્રેન્ડલી અને સ્વસ્થ જીવન આપતું વાતાવરણ
• ચાર જ મહિનામાં પઝેશન
• લોકેશન: ગિફ્ટ સીટી 3 કિ.મી., મેટ્રો રેલ 800 મીટર, PDPU અને લો યુનિવર્સિટી 500 મીટર, એરપોર્ટ 14 કિ.મી., DPS, NIFT, NID, ઇન્ફોસીટી, ગાંધીનગર અને અમદાવાદની મધ્યમાં
શ્રી shree Real Estate Developers
GIVE MISS CALL ON 8000992222
Luvkush 4
2 & 3 BHK Luxurious Apartments
PDPU - પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી રોડ, ભાઈજીપુરા પાટિયા સામે, રાયસણ - ગાંધીનગર
CALL:07048481234, 07048491234

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ગાંધીનગરમાં ધુમ મચાવે છે.
રશીયન + આફ્રિકન અને મંગોલીયન કલાકારોના કાફલા સાથે




ગોલ્ડન સર્કસ
ટીકીટ દર. ₹. 60/-, 120/-, 200/-
એડ. બુકીંગ. ₹. 200/-નું સવારે 9 થી 7 સાંજે
M: 8347499769 7041428420
સ્થળ: નવરાત્રી મેદાન, સેક્ટર 6, બસ ડેપો પાસે.

માનસિક - મગજના રોગો તથા વ્યસન મુક્તિ નિષ્ણાત
બહેનો / બાળકોના સ્પેશ્યાલીસ્ટ
રોજ સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ મળશે
ડો. અશ્વીની કુલકર્ણી
(એમ.ડી. સાઈકીઆટ્રી)
આનંદ હોસ્પીટલ
ઘ-૪, આવકાર રેસ્ટોરન્ટની ઉપર, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન. : ૨૩૨ ૩૮૮૫૩
બાળકોના IQ Test, Aptitute Test, C.A.T. ઉપલબ્ધ

આંગળી ચીંધવાનું માત્ર પૂણ્ય નહીં, અટળક આવકની તક પણ...!
આપનો વેપાર-વ્યવસાય, પાર્લર-રેસ્ટોરન્ટ, ધંધો-રોજગાર ધમધોકાર ચાલે જ છે...
આપને ત્યાં દરરોજ સારી એવી અવર-જવર રહે જ છે...
એમાંથી જો કોઈને નવી પ્રોપર્ટી ખરીદવી હોય કે પોતાની પ્રોપર્ટી વેચવી હોય...
ઘર-ઓફિસ કે દુકાન ભાડે આપવાની હોય કે, ભાડે લેવી હોય તો-
આપ માત્ર અમારી તરફ આંગળી ચીંધો અને વધારાની આવક ઉભી કરો...
ગાંધીનગરની પ્રતિષ્ઠિત અને સૌથી વધુ વિશ્વસનીય રિયલ એસ્ટેટ કંપનીની ફ્રેન્ચાઈઝી મેળવવાની તક.
The Property Shop
www.thepropertyshop.in
એક જ બિઝનેસના સમયમાં અને સ્થળે બીજા બિઝનેસની તક..!
રિયલ એસ્ટેટના કામની ફ્રેન્ચાઈઝી અંગે વધુ માહિતી અને ફોર્મ મેળવવા માટે આજે જ સંપર્ક કરો.
tps The Property Shop
Call : 98245 03011 | 98980 29451
૨૦૩, બીજો માળ, સિધ્ધરાજ ઝાવોડ, ખ-૦ નજીક, એસ. જી. હાઈવે, ગાંધીનગર